Extra No. 314

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 30, 2025 / ASVINA 8, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કડોદરા-યુનિટ-૪-૨૦૨૫

કડોદરા નગરપાલિકા, જિ. સુરતની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ ૬ની પેટા-કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ ૬ની પેટા-કલમ ૫ અન્વયે, રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર, અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિન-અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સંબંધે વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા (જે તે વર્ગની સ્ત્રીઓ સહિત) સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/324 of 2025/UDUHD/EOM/e-file/18/2025/5039/M, તા. ૦૯/૦૯/૨૦૨૫ થી સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાના આધારે કડોદરા નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ને ૭ વોર્ડોમાં વિભાજીત કરેલ છે અને કાઉન્સિલરોની કુલ ૨૮ બેઠકો નક્કી કરેલ છે. સદર જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ઉક્ત જાહેરનામાથી નક્કી થયેલ વોર્ડોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઈ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) (જેનો આમાં હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ધ્યાને લઈ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના વસતી ગણતરી અધિનિયમ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૪૯૧૩૧ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડદીઠ સરેરાશ વસ્તી ૭૦૧૮ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૭. નિયમ-૩ની જોગવાઈને ધ્યાનમાં રાખી શહેરના ૭ વોર્ડોનું આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ-રસ્તા વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

૮. નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાંથી ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાં બે બેઠકો સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિન-અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/માપદંડ/ન.પા./જન(૧)/૧૨૨૦૧૪/ક થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો વસ્તીની ટકાવારીના ઉતરતા ક્રમમાં ખાસ ક્રમાંક નક્કી કરી બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમે આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

૧૦. નગરપાલિકાઓની ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/ન.પા./વારાફરતી/સ્થા.સ્વ./૧૪૦(૫)/૦૮૨૦૨૫/ક, તા. ૦૯/૦૯/૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડો નક્કી કરેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદ્અંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે, નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાની વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતા ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તિત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજા ક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા. ૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૧. જાહેરનામા અન્વયે ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રીઓ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવેલ નથી.

૧૨. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૪	૬૩૭૭	૨૦૪	૩.૨૦	૧
૨	૭	૭૦૫૩	૨૨૫	૩.૧૯	૨
૩	૧	૬૪૮૨	૧૭૯	૨.૭૬	૩
૪	૬	૭૫૬૧	૧૬૩	૨.૧૬	૪
૫	૫	૭૧૮૧	૧૧૯	૧.૬૬	૫
૬	૨	૬૮૪૮	૮૨	૧.૨૦	૬
૭	૩	૭૬૨૯	૪૪	૦.૫૮	૭
કુલ		૪૯૧૩૧	૧૦૧૬		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧, વોર્ડ નં. ૪માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય. જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે કોઈ બેઠક અનામત રાખેલ ના હોઈ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક ફાળવણી કરવાની થતી નથી.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન(૧)-૧૨૨૦૨૪-ક, તા. ૧૧-૧૨-૨૦૨૪ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-નપ-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક, તા. ૦૯-૦૯-૨૦૨૫થી નક્કી થયેલ માપદંડો/માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લઈ, વોર્ડ નં. ૪માં જૂના વોર્ડ નં. ૬નો મહદ્અંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થતો હોઈ, તથા તેમાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તિત થતી હોઈ આ વોર્ડમાં અનુસૂચિત જાતિની બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી, અનુસૂચિત જાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૭	અનુસૂચિત જાતિ

૧૪. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૨	૬૮૪૮	૬૫૩	૯.૫૪	૧
૨	૭	૭૦૫૩	૩૫૧	૪.૯૮	૨
૩	૧	૬૪૮૨	૨૯૦	૪.૪૭	૩
૪	૫	૭૧૮૧	૨૮૩	૩.૯૪	૪
૫	૬	૭૫૬૧	૧૮૨	૨.૪૧	૫
૬	૩	૭૬૨૯	૯૬	૧.૨૬	૬
૭	૪	૬૩૭૭	૧૬	૦.૨૫	૭
કુલ		૪૯૧૩૧	૧૮૭૧		

૧૫. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય. જાહેરનામા મુજબ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે બેઠક ફાળવણી કરવાની થતી નથી.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન. ૧-૧૨૨૦૨૪-ક, તા. ૧૧-૧૨-૨૦૨૪ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-નપ-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક, તા. ૦૯-૦૯-૨૦૨૫થી નક્કી થયેલ માપદંડો/માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, તેમાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત આદિજાતિ/અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તિત ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. આથી, અનુસૂચિત આદિજાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૨	અનુસૂચિત આદિજાતિ

૧૬. જાહેરનામા અન્વયે ૮ (આઠ) બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ (ચાર) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડો ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડો મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. કડોદરા નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પછાતવર્ગો માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૩	૭૬૨૯	૩૧૩૪	૪૧.૦૮	૧
૨	૨	૬૮૪૮	૨૩૬૨	૩૪.૪૯	૨

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૩	૪	૬૩૭૭	૧૬૩૬	૨૫.૬૫	૩
૪	૭	૭૦૫૩	૧૧૯૨	૧૬.૯૦	૪
૫	૧	૬૪૮૨	૫૦૭	૭.૮૨	૫
૬	૫	૭૧૮૧	૩૬૫	૫.૦૮	૬
૭	૬	૭૫૬૧	૨૭૦	૩.૫૭	૭
કુલ		૪૯૧૩૧	૯૪૬૬		

૧૮. વર્ષ-૨૦૧૫ અને ૨૦૨૦ માં પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧, ૨, ૩ અનુક્રમે વોર્ડ નં. ૨, ૩, ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવેલ હતી. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯-૦૯-૨૦૨૫ના આદેશની જોગવાઈ મુજબ નવા બનેલા સૂચિત વોર્ડ મહદ્અંશે સરખા વિસ્તારના જ હોય તો અનામત બેઠકોની ફાળવણી સમયે પુનરાવર્તન ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. જુના વોર્ડ નં. ૨, ૩, ૫નો મહદ્અંશે વિસ્તાર કોઈ એક સૂચિત વોર્ડમાં ભળતો હોય તેમ રજૂ થયેલ પત્રકથી જણાતું નથી. જેથી ખાસ ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧ અનુક્રમે વોર્ડ નં. ૩, ૨, ૪, ૭, ૧, ૫, ૬, ૩માં પછાતવર્ગની બેઠકો ફાળવવાની થાય છે. જે પૈકી શક્ય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતા વોર્ડ નં. ૨, ૭, ૫ અને ૩ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અ. નં.	પછાત વર્ગ ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૩	પછાતવર્ગ
૨	૨	૨	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૪	પછાતવર્ગ
૪	૪	૭	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૧	પછાતવર્ગ
૬	૬	૫	પછાતવર્ગ સ્ત્રી
૭	૭	૬	પછાતવર્ગ
૮	૧	૩	પછાતવર્ગ સ્ત્રી

૧૯. અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેરનામા મુજબ પછાતવર્ગની ૮ બેઠકો નક્કી થયેલ હોઈ, વોર્ડ નં. ૩ માં પહેલી અને ત્રીજી બેઠક પછાતવર્ગને ફાળવવાની થાય છે. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧/૧૨/૨૦૧૪થી નિયત થયેલ માર્ગદર્શક સિદ્ધાંતો અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાતવર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગને ફાળવેલ બેઠકો

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૩	પછાતવર્ગ
૨	૨	૨	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૪	પછાતવર્ગ
૪	૪	૭	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૧	પછાતવર્ગ
૬	૬	૫	પછાતવર્ગ સ્ત્રી
૭	૭	૬	પછાતવર્ગ
૮	૧	૩	પછાતવર્ગ સ્ત્રી

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને કડોદરા નગરપાલિકા માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન-વોર્ડોની હદ રેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી નિર્ધારીત કરવામાં આવે છે અને આથી જાહેર જનતાની જાણ સારૂ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી દસ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરતને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ કડોદરા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કડોદરા-યુનિટ-૪-૨૦૨૫ તા. ૩૦/૦૯/૨૦૨૫નું સાંધણ

અનુસૂચિ-૧

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત-સૂચિત વોર્ડ નં. ૧-નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
1	1	153	174	774	1 to 161, 1 to 247	મોદી ફળિયુ, પટેલ ફળિયુ, હરિજન વાસ, શિવ શક્તિ, રણ છોડજી કોમ્પલેક્ષ વિ.
	2	0	6	475	22/1 to 2/448, 250 to 496	મગનજીપાર્ક
	3	0	0	379	2/45 to 2/65-25 497 to 722	મગનજીપાર્ક
	4	0	3	401	2/63 to 2/76-29, 723 to 924	મગનજીપાર્ક
	5	10	2	429	2/77 to 2/98, 925 to 1086	મગનજીપાર્ક
	6	5	0	595	2/99 to 2/105-89	પટેલ પાર્ક
	7	0	6	429	2/106 to 2/115-38	પટેલ પાર્ક
	8	1	0	968	2/116 to 2/162	યાદવ કોમ્પલેક્ષ, ઠાકોરજી કોમ્પલેક્ષ, સ્વાગત કોમ્પલેક્ષ
	9	7	0	544	3/1 to 3/42 1766 to 1967	કિષ્ણા પાર્ક વિસ્તાર
	10	0	14	705	3/43 to 3/98 1968 to 2042	મહાદેવ નગર, વિહત નગર, જી.ઈ.બી.કોલોની
	58	3	85	783	4/1 to 4/50-2	સાંઈ આશીર્વાદ કોમ્પલેક્ષ, હનુમાન સોસાયટી
		179	**290**	**6482**		

વોર્ડ નંબર-૧ની હદનું વર્ણન:

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. ૨૧૮/એ વાળી જમીનના વાયવ્ય ખૂણાથી શરૂ કરી, ઉત્તર તરફના ભાગે પૂર્વ તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૨ થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. ૧૩થી દક્ષિણ તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૫૫, ૫૬, ૭૧, ૧૨૬ થી પશ્ચિમ તરફ જતાં રાજ્ય ધોરીમાર્ગને સમાંતર રેવન્યુ બ્લોક નં. ૭૦, ૫૮, ૬૧ થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, રાજ્ય ધોરીમાર્ગને સમાંતર રેવન્યુ બ્લોક નં. ૧, ગામતળ, રેવન્યુ બ્લોક નં. ૨૩૩, ૨૩૧, ૨૨૦, ૨૧૯ ની હદેહદે થઈ ૨૧૮/એ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત-સૂચિત વોર્ડ નં. ૨-નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
2	49	10	2	701	3/271 to 3/273, 3/246 to 270	હરિહંત સોસાયટી, શિવમ પાર્ક, પ્રભાત ટીમ્બર્સ
	50	7	7	340	3/296-15 to 3/431, 1 to 306	ગોકુલ-મથુરા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ કોમ્પલેક્ષ, મણીનગર
	51	0	5	475	3/101 to 3/296-14, 106 to 303	મણીનગર, ટેલીફોન એક્ષ્ચેંજ
	52	19	1	820	3/297 to 3/297-22, 3/302 to 3/303-45	તુલસીભાઈનું મકાન, ભરવાડવાસ, નરસિંહનગર, મોદી હોસ્પિટલ
	53 (1)	11	363	471	4/50 to 4/80,45 to 113	નવોહળપતિવાસ
	53 (2)	12	189	337	4/282 to 4/300	પોલ્ટ્રીફાર્મ વિસ્તાર
	54	0	3	579	4/302 to 457, 4/81 to 4/96	ગોકુળનગર, ધનલક્ષ્મી કોમ્પલેક્ષ, મોહન કોમ્પલેક્ષ
	55 (1)	0	0	520	4/401 to 4/423-24	પ્રિયંકા ગ્રીનસીટી, શ્રીનિવાસ, બારડોલી રોડ
	55 (2)	0	5	678	4/123-46 to 4/323-8	પ્રિયંકા ગ્રીનસીટી
	55 (3)	18	25	1284	4/327 to 4/423-24	પ્રિયંકા ગ્રીનસીટી, સમ્રાટ સોસાયટી
	56	5	0	371	7 to 95, 66 to 135, 1/1 to 7/1-25	હરીધામસોસાયટી, મહાલક્ષ્મી સોસાયટી
	57	0	53	272	101 to 306, 4/97 to 4/105	મગનવાડી, હળપતિવાસ નવી, શાંતિનિકેતન પ્રમુખ પાર્ક સોસા, જલારામનગર સોસાયટી
		82	**653**	**6848**		

વોર્ડ નંબર - ૨ ની હદનું વર્ણન :

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. ૬૨ વાળી જમીનના વાયવ્ય ખૂણાથી શરૂ કરી, ઉત્તર પૂર્વ તરફ રાજ્ય ધોરી માર્ગને સમાંતર રેવન્યુ બ્લોક નં. - ૬૩, ૬૬, ૬૯, ૭૨થી ઉત્તર દિશા તરફ, રેવન્યુ બ્લોક નં. ૫૪, ૧૫, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૨ની પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૨૫, ૨૬, ૨૭થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૨૮, ૨૯, ૩૩, ૩૪, ૩૯, ૪૦, ૪૧ તથા રાજ્ય ધોરી માર્ગને ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. ૮૭ થી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૮૮, ૯૦, ૯૧, ૯૫, ૯૬, ૧૧૩થી નહેર ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. ૧૧૫/પૈકી, ૧૧૬/પૈકી, ૧૧૮ થી ઉત્તર દિશા તરફ જતાં નહેર ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. ૧૧૭, ૧૧૨, ૧૧૦, ૧૦૯, ૧૨૨થી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૭થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૩૬, ૬૫, ૬૨ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત - સૂચિત વોર્ડ નં. ૩ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
3	11	5	37	858	3/99 to 3/155-99, 2043 to 2149	પ્રિયા ડાઈંગ ગલી, ગબ્બર વાળી માતાની ગલી ટીમ્બા માર્ટ, બસ સ્ટેન્ડ વિસ્તાર સરદાર કોમ્પલેક્ષ સોસાયટી
	12	30	27	450	3/156 to 3/175-2	સરદાર સોસાયટી, સાંઇ બાબા પાર્ક સોસાયટી
	13	0	19	424	4/1 to 4/25-107, 2295 to 2446	પ્રા.શાળા, પેટ્રોલપંપ
	14	0	0	397	4/26 to 4/36-150	હાઈવે વિસ્તાર, ભગવતી કોમ્પલેક્ષ
	20	0	0	332	1 to 3/190	અમૃતનગર
	21	0	0	449	3/193 to 3/212-9	અમૃતનગર
	22	0	0	413	4 to 116	અમૃતનગર
	23	0	0	443	117 to 245	અમૃત નગર, નિલમ હોટેલ વિસ્તાર
	24	4	3	328	5/1 to 5/13-4, 3895 to 4046	નિલમ હોટેલ, શાંતિનગર
	25	0	0	421	5/14 to 5/31-5 4047 to 4214	શાંતિનગર
	26	0	0	298	5/32 to 5/53/7, 4215 to 4379	શાંતિનગર
	27	4	10	301	5/54 to 5/77-5, 4380 to 4541	શાંતિનગર
	28	0	0	504	5/78 to 5/91-68, 4542 to 4733	શાંતિનગર
	29	0	0	408	5/92 to 5/94-22, 4734 to 4861	શાંતિનગર
	30	1	0	314	5/95 to 5/104-45, 4862 to 5025	ગાયત્રીનગર
	31	0	0	463	5/105 to 5/120-26, 5026 to 5170	ગાયત્રીનગર
	35	0	0	261	5/260 to 5/273-24, 5750 to 5920	શાંતીનગર
	48	0	0	565	3/54 to 3/245	નિલમ હોટેલ વિસ્તાર
		44	**96**	**7629**		

વોર્ડ નંબર -૩ની હદનું વર્ણન :

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. -૨૧૮/પૈકી વાળી જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી, પૂર્વ તરફ જતાં રાજ્ય ધોરી માર્ગને સમાંતર રેવન્યુ બ્લોક નં. ૨૧૭, ૨૦૬, ૨૦૪, ૨૦૩, ૨૦૨, ૨૦૧, ૧૯૮, ૧૯૭, ૧૯૬/અ/૧, ૧૯૫, ૧૯૪, ૧૯૩થી રાષ્ટ્રીય ધોરી માર્ગને ક્રોસ કરી, દક્ષિણ દિશા તરફ જતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને સમાંતરે બ્લોક નં. -૧૯૨, ૧૯૧, ૧૯૦, ૧૮૯, ૧૭૫થી પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૩૭, ૧૩૮થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૩૯, ૧૫૧થી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૫૨, ૧૫૭થી નહેરને ક્રોસ કરી, દક્ષિણ દિશા તરફ જઈ પશ્ચિમ તરફ વળી રાષ્ટ્રીય ધોરી માર્ગને ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. -૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. -૧૬૫, ૧૬૬, ૧૬૭થી નહેર ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. -૧૬૯, ૧૭૭, ૧૭૮, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૨૧૬, ૨૧૮, ૨૧૮/પૈકી ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત - સૂચિત વોર્ડ નં. ૪ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
4	15	0	0	283	5/127 to 1/187, 4093 to 4176	ભગુનગર
	16	0	0	416	5/71 to 5/126	ભગુનગર
	17	0	2	420	5/1 to 5/70	ભગુનગર
	18	0	0	94	1/1 to 4	ભગુનગર, કૈલાશધામ
	19	0	0	410	5/127 to 5/187	સંજીવની કોમ્પલેક્ષ, વિધિ રો-હાઉસ
	32	0	0	447	5/121 to 5/170 5171 to 5320	ગાયત્રીનગર
	33	16	0	677	5/171 to 5/238, 5321 to 5536	ગાયત્રીનગર, ખોડીયાર નગર
	34	0	0	244	5/239 to 5/259-16, 5537 to 5749	શાંતીનગર
	36	0	5	293	5/278 to 5/293-8, 5921 to 6169	શાંતીનગર
	37	0	0	401	3/95 to 4/72-5	ક્રિષ્ના નગર
	38	139	0	283	4/72-6 to 4/99-8	ક્રિષ્ના નગર
	39	49	0	256	3/143 to 3/429	ક્રિષ્ના નગર
	40	0	0	231	3/431 to 3/496	ક્રિષ્ના નગર
	41	0	2	185	3/501 to 3/553	ક્રિષ્ના નગર
	42	0	0	180	4 to 133	ક્રિષ્ના નગર
	43	0	0	426	3/1 to 3/94	ક્રિષ્ના નગર
	44	0	0	354	4/99-9 to 4/132	ક્રિષ્ના નગર
	45	0	0	208	1 to 2/80	નવદુર્ગા નગર
	46	0	0	350	2/81 to 3/75	નવદુર્ગા નગર
	47	0	7	219	3/76 to 3/94	નવદુર્ગા નગર
		204	**16**	**6377**		

વોર્ડ નંબર -૪ની હદનું વર્ણન :

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. ૧૫૫ વાળી જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી, નહેરને ક્રોસ કરી, નહેરને હદે-હદે પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૫૦ થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૩૯માં થી પસાર થઈ પૂર્વ દિશા તરફ જતાં, રેવન્યુ બ્લોક નં. ૧૪૦, ૧૪૨, ૧૨૧, ૧૨૦, ૧૧૯ થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૧૮/પૈકી થી નહેરને ક્રોસ કરી, ૧૧૮/પૈકીથી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૪૪/પૈકી, ૧૪૫, ૧૪૬, ૧૪૭,૧૪૮/પૈકી, ૧૪૯, ૧૫૩, ૧૫૪ થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૫૫ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત - સૂચિત વોર્ડ નં. ૫ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
5	1	12	10	565	1 to 5/4, 6 to 85, 86/1 to 86/30, 87/1 to 87/20, 88/1 to 88/39	સુગર ફેકટરી સ્ટાફ કવાર્ટસ, લાલ ચાલ (સુ.ફે.કેમ્પ), ડી.કોલોની (સુ.ફે.કેમ્પ), ઈ -કોલોની (સફેદ ચાલ સુ.ફે), એફ-કોલોની (સુ.ફે.)
	2	5	37	645	89 to 90/16, 91 to 105, 106 to 125/13, 126/1 to 126/18, 127/1 to 164/5	જીન કોલોની, ઈન્ડીયન પાઈપ, કીકલા ડેરીવિસ્તાર, સુર્યાકોમ્પલેક્ષ, તુલસી પાર્ક
	3	9	29	563	165/1 to 168/8, 169/1 to 169/8, 170/1 to 170/32, 171 to 217, 218/1 to 225	સત્યમ શિવમ એપાર્ટમેન્ટ, કીકલાગલી, મધુવન એપા.ની પાછળની કોલોની, મધુવન એપાર્ટમેન્ટ, ભરવાડચાલ, મહાદેવ કોમ્પલેક્ષ
	4	4	28	571	226/1 to 228/2, 229 to 249/4, 336/1 to 336/31, 337/1 to 338/22	મહાદેવ કોમ્પલેક્ષની બાજુમાં ટાટા મોટર્સ આજુ-બાજુ, આંજણાસમાજની વાડી, સુગર ફેકટરી મેઈન ગેટ સામેનો વિસ્તાર, સાંઈ લીલા કોમ્પલેક્ષ, માૃતિ કોમ્પલેક્ષ
	5	5	15	610	250 to 278/39	અંબિકાનગર
	6	12	1	616	278/30 to 285/10	અંબિકાનગર
	7	0	36	395	286/1 to 335/10	અંબિકાનગર
	8	17	24	897	338/23 to 341/5, 341 to 446/1	ચંન્દ્રપ્રભા કોમ્પલેક્ષ, રામકબીર સોસાયટી
	9	0	0	441	447 to 652	રામકબીરની પાછળ, ભરવાડચાલ
	10	4	84	571	653 to 746/1	રેલ્વે કવાર્ટર્સ, કવાર્ટર્સનો પાછળનો ભાગ, આર.કે.એપાર્ટમેન્ટ, સ્વસ્તીક રાઈસ મીલ તથા સ્વસ્તીક નગર
	32	0	0	722	1925 to 1982	મહાવીર ગલી, ભરતનગર એ-બિલ્ડીંગ, ભરત નગર બી-બિલ્ડીંગ
	36	51	19	585	2353 to 6379	ઘેલાભાઈની વાડી, સંજીવની કામદાર રૂમ, નર્સ કવાર્ટર્સ, ટેકનીશીયન કવાર્ટર્સ, ખાં.ઉ.હા.સોસા. તથા ટેનામેન્ટ, ખાં.ઉ.હા.સોસા ના મકાન
		119	**283**	**7181**		

વોર્ડ નંબર -૫ ની હદનું વર્ણન :

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. - ૧૮ વાળી જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી, પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૯, ૨૦ થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. - ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૪૫, ૪૬, ૪૮, ૫૭ થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૫૮, ૫૯, ૭૫, ૭૬થી રેલ્વે લાઈન ક્રોસ કરી, પશ્ચિમ દિશા તરફ રેલ્વે લાઈનને સમાંતરે બ્લોક નં. -૭૨, ૭૧, ૬૭, ૬૬, ૩૯, ૩૮, ૩૬, ૧૦૯ પૈકી થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. - ૧૧૧, ૧૨, ૧૧ થી ઉત્તર દિશા તરફ રેલ્વે લાઈન ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. -૧૫, ૧૬ થી ૧૮ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત સૂચિત વોર્ડ નં. ૬ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
6	11	23	10	722	747 to 872	સ્વસ્તિક નગર વિસ્તાર
	12	0	18	478	873 to 911/2	ક્રિષ્નાપાર્ક સોસાયટી, પંચવટી વિસ્તાર, વિવેકાનંદ એપાર્ટમેન્ટજી. બિલ્ડીંગ
	13	0	8	597	912/1 to 945	વિવેકાનંદ એફ બિલ્ડીંગ, વિવેકાનંદ બી.સી.બિલ્ડીંગ કોમ્પલેક્ષ, વિવેકાનંદ સોસાયટી
	14	24	71	713	946/1 to 1008	રાજ કોમ્પલેક્ષ, જુની પ્રા.શાળાની સામેનો ભાગ, વિજયાનગર સોસાયટી
	15	25	7	560	1009/1 to 1028/9	વિજયાનગર સોસાયટી
	16	0	0	514	1029 to 1070/4	વિજયાનગર સોસાયટી
	17	0	11	582	1071 to 1101	વિજયા નગર,લક્ષ્મીનગર વિસ્તાર
	18	7	5	738	1102 to 1145/2	લક્ષ્મીનગર વિસ્તાર
	19	18	11	648	1146 to 1221/1	લક્ષ્મીનગર વિસ્તાર
	20	38	9	825	1222 to 1291	લક્ષ્મીનગર વિસ્તાર
	21	20	14	595	1292 to 1333	નિલકંઠ સોસાયટી, ખોડીયાર નગર સોસાયટી
	22	8	18	589	1334 to 1398	ખોડીયાર નગર, ગ્રીન વેલી એપાર્ટમેન્ટ, આદર્શ બંગ્લોઝ, નહેર કોલોની
		163	**182**	**7561**		

વોર્ડ નંબર-૬ની હદનું વર્ણન :

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. ૧૦ વાળી જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી, પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. -૯, ૮થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. -૭, ૧૮૫, ૧૮૬, ૧૮૮, ૧૬૮,૧૬૭, ૧૬૬, ૧૪૫/બી, ૧૪૫/એ, ૧૪૬, ૧૪૮ પૈકીથી દેવધ માઈનર નહેર ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. - ૧૪૮ થી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૪૯, ૧૫૩, ૧૫૪, ૧૫૫ થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. -૧૫૬, ૧૫૭ થી દેવધ માઈનર નહેર ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. -૧૫૮, ૧૫૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩ પૈકી, ૧૮૩ થી રેવન્યુ બ્લોક નં. -૧૦ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કડોદરા નગરપાલિકા, જિલ્લો સુરત - સૂચિત વોર્ડ નં. ૭ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
7	23	12	14	663	1399 to 1422/7	આદર્શ એપાર્ટમેન્ટ,યોગેશ્વર નગર
	24	0	6	390	1423/1 to 1455/7	યોગેશ્વર નગર, ગાયત્રીનગર
	25	0	0	591	1456/1 to 1523/21	ગાયત્રીનગર
	26	9	15	423	1524 to 1534	આશીષ નગર
	27	10	0	660	1535/1 to 1609/4	આશીષ નગર, અભિનંદન નગર, રામનગર વિસ્તાર
	28	117	35	661	1610 to 1720	પ્રા.શાળા પાછળ તથા બાજુનો વિસ્તાર, ખડકી ફળીયુ, બ્રાહ્મણ ફળીયુ, ટેકરી ફળીયું, કોળીવાડ, ઉમરીયા સ્ટ્રીટ
	29	4	35	455	1721 to 1764/5	નેશનલ હાઈવેની બાજુમાં શક્તિનગર, કૌશિકભાઈની ચાલ, મહાદેવ મંદિર પાછળ, ખંડુકાકાની ચાલ, મહાદેવ મંદિર, જલારામ નગર
	30	7	50	609	1765 to 1813/5	જલારામ નગર,કુંભાર ફળીયું
	31	0	80	582	1814 to 1924	કુંભાર ફળીયું, જુનો હળપતિ વાસ, મેઈન બજાર વિસ્તાર, બેંક ગલી વિસ્તાર
	33	58	44	673	1983 to 2079/1	ભરતનગર સી બિલ્ડીંગ, આનંદનગર સોસાયટી
	34	3	10	608	2080 to 2168	આનંદનગરનો બાકીનો તમામ ભાગ
	35	5	62	738	2169 to 2349	હળપતિ વાસ, ચોખી ધાણી, ધીરૂભાઈની વાડી, ઝૂપડપટ્ટી
		225	**351**	**7053**		

વોર્ડ નંબર -૭ની હદનું વર્ણન:

કડોદરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ બ્લોક નં. ૧૧૨ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી, પૂર્વ તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૧૩ થી ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૧૦ વાળી જમીનની પૂર્વ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. ૧૦૯ થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, રેવન્યુ બ્લોક નં. ૧૦૮, ૧૦૭, ૧૦૨, ૧૦૦, ૭૭થી દક્ષિણ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૭૯, ૮૦, ૮૪, ૮૫, ૮૬, ૮૭ થી પશ્ચિમ દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૧૩૪, ૧૩૫ પૈકી, ૧૩૬ પૈકી થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રોસ કરી, ઉત્તર દિશા તરફ જતાં રેવન્યુ બ્લોક નં. - ૧૪૫ પૈકી, ૧૪૪, ૧૪૩, ૧૨૧, ૧૮૯, ૧૯૫, ૧૯૬, ૧૯૭ થી ગામતળ થઈ, રેવન્યુ બ્લોક નં. - ૬, ૧૧૨ ત્યાં સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-કડોદરા-યુનિટ-૪-૨૦૨૫ તા. ૩૦/૦૯/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ-૨

કડોદરા નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૪૯,૧૩૧		
કુલ વોર્ડની સંખ્યા	૦૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૭,૦૧૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૭,૭૨૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૬,૩૧૬
બેઠકોની સંખ્યા	૨૮		
કુલ સ્ત્રી બેઠકો	૧૪		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તેપૈકી ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ (ચાર) બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૨૦		
સામાન્ય બેઠકો	૮		

અ. નં.	**વોર્ડ નંબર**	**વોર્ડની વસતિ**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**
૧	૧	૬૪૮૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૬૮૪૮	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩	૩	૭૬૨૯	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૬૩૭૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૭૧૮૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૭૫૬૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૭૦૫૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	**૪૯,૧૩૧**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 19:50:06 IST